જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૨/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૭૮/૧૭

## હર્બલ સીડ્સ ખરીદવાની તથા વધુ નફો મળવાનીલલચામણી જાહેરાત આપી લાખો રૂપિયાની છેતરપીંડી આચરનાર નાઈજીરીયનને પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર.

ફરિ.શ્રી મિતેષ કીરીટભાઇ પટેલ રહેવાસી બી/જી/એફ/૧, ઉગતી પ્લેટીનમ, સાગર સંગીત ફ્લેટની પાછળ, સાયન્સ સીટી, સોલા, અમદાવાદ શહેર નાઓની સાથે આરોપીઓ (૧) વિવિયન સેટ મો.નં. +447424551086 ઇમેલ આઇડી vivanset703@yahoo.com (૨) મોર્ગન મોરીસ +447541188775 (૩) રાજેશ શર્મા મો.નં.7262880095 તથા ઇમેલ આઇડી rajeshsharmatraders50@gmail.com તથા તેઓએ આપેલ બેંકમાં રૂ. ૧,૨૭,૫૦૦/- લાખ જમા કરાવેલ તે બેંક ઓફ ઇન્ડીયાના ખાતાધારક આર.બી. ટ્રેડર્સના નામનું બેંક એકાઉન્ટ નંબર 601820110000598 નેહરૂ પ્લેસ ન્યુ દિલ્હી શાખા IFSC કોડ BKID0006018 ના ધારક વિરુદ્ધ અત્રે ફરીયાદ આપેલ જેમાં ગયા જાન્યુઆરી/ ૨૦૧૭ માં ફરીયાદી શ્રીને હર્બલ સીડસ સેલર રાજેશ શર્મા પાસેથી લઈ ભારત દેશ બહાર વેચી તે અંગેના કમીશનની લાલચ આપતી વાતો તેમજ ઈમેલ કરી વિશ્વાસમાં લઈ ઈન્ટરનેટ માધ્યમથી બેંક એકાઉન્ટમાંથી કુલ્લે રૂ ૧,૨૭,૫૦૦/- મેળવી લઈ ફરીયાદી સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી આચરી ગુનો કર્યા વિગેરે મતલબની ફરિયાદ તા૧૫.૧૨.૧૭ ના રોજ દાખલ કરવામાં આવેલ

સંયુક્ત પોલીસ કમિશન શ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન ક્રાઈમ બ્રાન્ચ, મ.પો.કમિ.શ્રી ડો.રાજદિપસિંહ ઝાલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓએ આ ગુનો શોધી કાઢવા સુચના આપેલ હોઇ સાયબર સેલના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી.જી.સરવૈયા નાઓએ સદર ગુનાની તપાસ હાથ ધરેલ દરમ્યાન કેટલાક નાઇજીરીયન નાગરીકો અમદાવાદ શહેરમાં તેઓના વિઝા પુરા થઇ ગયેલ હોવા છતાં ગેર કાયદેશર વસવાટ કરી રહેલ હોય૧૦ નાઇજીરીયન નાગરીકોને ડિટેઇન કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે રાખેલ જેઓને નાઇજીરીયા ખાતે મોકલવાના હોય જેની જાણ થતાં પો.ઇ.શ્રી પી.જી.સરવૈયા સરવૈયા નાઓને થતાં સાયબર ક્રાઇમ સેલની ટેકનીકલ ટીમ સાથે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે જઇ નાઇજીરીયન નાગરીકો પાસેના ઇલેકટ્રીક ડિવાઇસ તપાસતાં આરોપી ઓસારો પ્રોમીસ ડીક્સન ઉવ ૩૬ રહે. હાલ રહે-બ્લોક નં. એ/૧ મકાન નં. ૯૧૦ શાંતી એપાર્ટમેન્ટ રામદેવનગર સેટેલાઈટ અમદાવાદ શહેર તથા ૭ વિકાસપુરી મેટ્રો સ્ટેશન ન્યુ દિલ્હી મુળવતન૬૦ સનકોબા રોડ બેનીમ સીટી નાઈજીરીયા વાળાના લેપટોપમાંથી કેટલાક અગત્યના દસ્તાવેજો સ્કેન કરી તેને ઇડિટ

કરેલ હોવાનુ મળી આવેલ અને જેમાં ફરીયાદીશ્રીના નામ અને નંબર વાળી કુરીયરની સ્લીપ પણ મળી આવેલ જેથી ફરીયાદીને હર્બલ સીડ્સ મોકલનાર ગેંગ સાથે આ નાઇઝીરીયનોમાંનો એક સંડોવાયેલ હોય તેની ગુનાના કામે ધરપકડ કરેલ છે. અને તેના લેપટોપમાંથી અગત્યના ડોક્યુમેન્ટ સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયા નો સર્ટીફિકેટ, યુનાઇટેડ નેશન્સ એન્ટી ટેરેરીસ્ટ ડિપાર્ટમેંટ નો એન્ટી ડ્રગ્સ ક્લીયરન્સ ફોર્મ, રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાનો ગેરેન્ટી લેટર, ઇન્ડીયા ટેક્ષ ગવર્મેંટ નો સહી સિક્કા વાળો પત્ર તથા તારા કુરીયર સર્વિસની બે સ્લીપો જે અલગ અલગ નામ નંબરો વાળી કબ્જે કરી તેના વિરૂદ્ધ કાયદેશર કાર્યવાહી કરેલ છે. પકડાયેલ ઇસમની કોમ્પ્યુટરમાંથી ઘણા બધા મોબાઇલ નંબરોની એક ફાઇલ મળી આવેલ છે જેમાં ભારતના મોટા ભાગના રાજ્યોના મોબાઇલ નંબરો મળી આવેલ છે જે નંબરોના આ ઇસમ ઉપયોગ કરી છેતરપીંડી કરતો હોઇ શકે તેમજ આરોપીઓ લોકોને છેતરવા માટે વિદેશના મોબાઇલ નંબરો નો ઉપયોગ કરતા હોય +44 કોડ વાળા પણ ઘણા નંબરો મળી આવેલ છે તેમજ મોટી મોટી કંપનીઓ સેમસંગ, સેવરોલે વિગેરે જેવી કંપનીના નામના ઇમેલ આઇ.ડી.ઓ પણ મળી આવેલ છે જેથી આ બાબતે પણ તપાસ ચાલુ છે.

પકડાયેલ નાઇજીરીયનને દિન – ૪ ના પોલીસ કસ્ટડીના રીમાન્ડ પર મેળવી આ નાઇજીરીયન ઇસમે સીડ્સના કમિશનના નામે કેટલા લોકો સાથે છેતરપીંડી આચરેલ છે તેમજ મળી આવેલ કુરીયર સ્લીપો મારફતે અન્ય કોઇ ઇસમોને સીડ્સ મોકલેલ છે કે કેમ તેમજ પકડાયેલ ઇસમના લેપટોપમાંથી ગુજરાતના ઘણા બધા મોબાઇલ નંબરો મળી આવેલ હોય આ નાઇજીરીયન ઇસમે ગુજરાતમાં આવા પ્રકારના કેટલા માણસોને ભોગ બનાવી તેઓની પાસેથી છેતરપીંડી કરેલ છે તે બાબતે તપાસ ચાલુ છે

આ ગુનો કરવામાં બેંક એકાઉંટ નો ઉપયોગ થયેલ હોય જે દિલ્હી ખાતેનુ હોય આ આરોપીએ કોઇ બનાવટી દસ્તાવેજ આધારે આ બેંક એકાઉંટ ખોલાવેલ છે કે અન્ય કોઇ ઇસમ તેની સાથે સામેલ છે તે બાબતે તેમજ વપરાયેલ ઇમેલ આઇ.ડી. અને મોબાઇલ ફોન નંબરો તેમજ આરોપી પાસેથી કુલ – ૧૦ મોબાઇલ ફોન તેમજ લેપટોપ મળી આવેલ હોય જે તમામ ડેટા આધારે ટેકનીકલી તપાસ કરી આરોપીએ કેટલા ગુનાને અંજામ આપેલ છે તે શોધી કાઢવાની દિશામાં પોલીસ તપાસ ચલાવી રહેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**